આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ દેવાભાઈ કે રબારી

તારીખ : ૧૯-૦૫-૨૦૨૨ સમય : સાંજે ૦૬.૨૫ કલાકે

---

## પ્રધાનમંત્રી- યુવા શિબિર

ભારતીય નાગરિકોએ પ્રાચીન પરંપરાઓ અને આધુનિક જ્ઞાનના સમન્વયથી નવા ભારતના નિર્માણના પ્રયાસો શરૂ કર્યા છે, ત્યારે સંઘર્ષ અને અસંતોષરૂપી પ્રશ્નોથીગ્રસ્ત વિશ્વ સમુદાય ભારત તરફ નવી આશાથી જોઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વડોદરામાં સ્વામિનારાયણ મંદિરો દ્વારા આયોજીત યુવા શિબિરને સંબોધતા જણાવ્યું હતું કેઆપણે સમગ્ર માનવજાતીને દિશા સૂચવી શકે તેવા નવા ભારતનું નિર્માણ કરવાનું છે

પ્રધાનમંત્રીએ કહ્યું કે યોગ અને આયુર્વેદના સામર્થ્યથી યોગ અને આયુર્વેદ તેમજ વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતી સાંધતો ભારત સમગ્ર વિશ્વ માટે આશાનું કિરણ લઈ આવ્યો છે. કોરોનાના કપરા કાળમાં ભારતીય વૈજ્ઞાનિકોએ તૈયાર કરેલી રસી અને દવાઓની મદદથી આત્મનિર્ભર ભારતની સંકલ્પનાને નવું બળ મળ્યું છે

શ્રી મોદીએ યુવાઓ માટે સંસ્કાર અભ્યુદય શિબિર યોજવાના સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રયાસોને બિરદાવ્યા હતા.

કલ્પના શાહ

---

## ઘઉની નિકાસ

ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ- ડીજીએફટીએ ઘઉંની નિકાસ ઉપર પ્રતિબંધ મૂકી દેતાં ગાંધીધામ-કંડલા સંકુલમાં 12થી 16 મેટ્રિક ટન ઘઉંનો ભરાવો થઇ ગયો છે. જેને લઇને સ્થિતિ તંગ બનતાં ડીજીએફટીના એડિશનલ ડીજીએ ગાંધીધામ આવીને વપરાશકારો, પોલીસ, દીનદયાળ પોર્ટ ઓથોરિટી તથા કસ્ટમ વગેરેના અધિકારીઓ સાથે બેઠક યોજી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પ્રતિબંધને લઇને જેટી ઉપર અટકેલા પાંચ જહાજોમાં નિકાસી ઘઉં ભરવા મંજૂરી અપાયા બાદ વધુ છ જહાજને ઘઉં નિકાસની પરવાનગી મળવાની સંભાવના દર્શાવાઈ છે.

કલ્પના શાહ

---

## સિંધ અને કચ્છ ભરતકામથી જોડાયેલા-શો

વિશ્વ સંગ્રહાલય દિનની અજરખપુર ખાતે`લિવિંગ'એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટરમાં ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસની ઊજવણી `સિંધ'અને કચ્છ - ભરતકામથી જોડાયેલા' એ ટાઈટલ સાથે અહીંની `પ્રેરણા ગેલેરી' ખાતે શો યોજાયો હતો. આ શોનો ઉદ્દેશ

કચ્છ અને સિંધ બન્ને પ્રદેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધો અને સાંસ્કૃતિક આદાનપ્રદાન તેમજ આ બન્ને પ્રદેશોમાં થતાં ભરતકામ વિષે લોકોને અવગત કરવાનો હતો. આ અંગે આકાશવાણી સાથે વાત કરતા લિવિંગ'એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટરના પ્રતીકભાઈએ આ મુજબ જણાવ્યું હતું

(બાઈટ : પ્રતીકભાઈ)

કલ્પના શાહ

---

# જી.કે.જનરલ હોસ્પિટલમાં ડાયાલિસીસ

જી.કે. જનરલ હોસ્પિટલમાં આયુષ્માન યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં 10 હજાર ઉપરાંત દર્દીઓને ડાયાલિસીસની સારવાર અપાઈ હતી. હોસ્પિટલમાં કાર્યરત નેફ્રોલોજી વિભાગના ડો. હર્ષલ વોરાએ કહ્યું કે, આ હોસ્પિટલમાં દર મહિને સરેરાશ 500 જેટલા દર્દીઓ ઉપર આ યોજના હેઠળ ડાયાલિસીસ કરાય છે. હોસ્પિટલમાં અત્યારે 10 ડાયાલિસીસના યુનિટ કાર્યરત છે, જેના દ્વારા આયુષ્માન યોજના હેઠળ વર્ષ 2020-21માં 5,132 અને 2021-22માં 5,157 સાથે કુલ 10,289 ડાયાલિસીસ કરાયા હતા.

કલ્પના શાહ

---

# પંચગવ્ય પ્રશિક્ષણ તાલિમ વર્ગ-લાકાર્યુવેદ

આરોગ્ય ભારતી અને સિમા જન કલ્યાણ સમિતિ દ્વારા સીમાવર્તી ગામડાઓમાં ચાલી રહેલી વિશેષ પરિયોજના અંતર્ગત પંચગવ્ય પ્રશિક્ષણ તાલીમ વર્ગનું આયોજન લખપત તાલુકાના સાયણ ગામે કરાયુ હતું જેમાં ગૌવંશ સુરક્ષા, ગ્રામ અને ગૌરી ભારતની જીવાદોરીએ વિચાર ધારા પર આધારીત પંચગવ્ય અંગેનું પ્રશિક્ષણ ગામ લોકોને અપાયુ હતું

કલ્પના શાહ

---

# હવામાન

દરમિયાન છેલ્લા બે ત્રણ દિવસથી પવનને પગલે જિલ્લાવાસીઓ ગરમીમાં આંશિક રાહત અનુભવી રહ્યા છે. ત્યારે આજે જીલ્લા મથક ભુજ ખાતે મહત્તમ ઉષ્ણતામાન ૪૨.૪ ડિગ્રી સેલ્સિયંસ જયારે નીચું ઉષ્ણતામાન ૨૬.૨ ડીગ્રી સેલ્સિયંસ નોંધાયુ હતું

કલ્પના શાહ

---